# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં.  A/3352, અમદાવાદ



## શ્રી મહાલક્ષ્મી મંદિર, શહેરા.

# Jalsujal Minerals and Vitamins Composition Powder and Liquid

## [PreMix Mineral ions and Vitamins Additives]

## Are you sufferring with following health problems ?

*Your drinking water is not relishing?*
*You have a health and fitness problems, troubles of acidity, gastric trouble, indigestion and constipation, not sour about the development of your unborn baby, children are weak & unhealthy, no enough memory power and weak in study, blood pressures ups n down frequently & have a problem of bones density mood less n fill unhealthy, have vitamin B-12 deficiency.*
*Young and middle age ladies have lot of muscular pain in loin, foot & joints. During menses lot of pain & fill bone density trouble, lots of calcium gets leached out, not getting encouragement for household and/or office work. Lot of creases appeared on the skin of the face and on the body at the early age Look like old age, fill shameful. Cosmetics become useless;*

These above symptoms, indicates that there are some undesirable with your drinking and cooking water. You have to do something at your earliest otherwise you will not live a good and healthy life and / or not die peacefully.

**Now Start to add our...**
**"Jalsujal P-106" Mineral Salt and Vitamins Composition {PreMix Mineral ions & Vitamins Additive} Powder to your RO treated water or**
**"JalsujalP-104" Mineral Salt and Vitamins Composition {PreMix Mineral ions & Vitamins Additive} Powder to purified or tap water.**
**You can utilize our "JalsujalL-110" Mineral Salt and Vitamins Composition {PreMix Mineral ions & Vitamins Additive} Liquid & its cartridge with control system.**
*Dose: 1 gram powder to 10 litter water and 1 ml liquid to 1 litter water.*

**Dose : 1 gram powder to 10 litter water and 1 ml liquid to 1 litter water.**

Your water becomes a health drink, alkaline, Microclustared, relishing, wholesome testier like stream water & coconut flavored, and able to satisfy the thrust.
Give relief from above troubles; don't have any adverse health effects.





- Each one gram powder required to be dissolved in 8-10 litter of water.
- Most suitable for water received from RO or demineralization system.
- Salts used are very pure and not harmful to health.
- Approved by FSSAI GOI and licensed by GOG.
- Not for direct oral use.

**Research & develped by :** Gyan Vigyan Laboratory, Vadoadara.
**Manufactured & Marketed by :** Shree Raj Enterprises, Vadodara.
**Contact :** M.: 09428585808 **Email :** jalsujal106@gmail.com **Web :** www.jalsujal.com

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધ્યો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad



# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી કમલેશ એસ. પાઠક, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એપ્રિલ, મે, જૂન - ૨૦૧૯

**મંત્રીઓ**

**શ્રી જયંત જોષી**
મો. ૯૬૦૧૯ ૯૫૫૬૭

**શ્રી યોગેશ શુક્લ**
મો. ૯૮૨૪૦ ૫૮૭૯૯

**ખજાનચી**

**શ્રી પ્રવિણ પુરોહિત**
મો. ૯૮૨૪૩ ૫૮૨૯૭

**તંત્રી**

**મિનલ શુક્લ**
મો. ૯૫૩૭૯ ૩૫૬૬૫

**સંપાદક**

**શ્રી રાજેશ પંડ્યા**
મો. ૯૯૯૮૭ ૧૬૫૭૭

**તંત્રી મંડળ**

**પ્રિ. ડૉ. બંસીધર ઉપાધ્યાય**
મો. ૯૮૨૪૪ ૦૬૩૮૧

**શ્રી જીજ્ઞેશ પંડિત**
મો. ૯૦૯૯૦ ૨૯૦૭૯

**શ્રી વિપુલ વી. દવે**
મો. ૯૪૨૬૦ ૪૭૨૪૮

**શ્રી નિરવ પી. દવે**
મો. ૯૯૨૫૧ ૦૩૧૧૪

**તંત્રી સ્થાનેથી...**

પૂજ્ય વડિલો, આદરણીય મિત્ર-સખીઓ અને ઊર્જાસભર યુવા સાથીઓ...

સાદર નમસ્તે...-

આપણો સમાજ પરંપરાગત અને આધુનિક મૂલ્યો સાથે સુમેળ દ્વારા પ્રગતિની દિશામાં આગળ વધી રહ્યો છે. આ અંગે સામૂહિક રીતે થતા પ્રયત્નો સુખદ પરિણામ તરફ ગતિ કરતા જોઈ જ શકાય છે.

આ દિશામાં એક આગવું અને ઉમદા કાર્ય એટલે દરેક 'તડ' વચ્ચે સૌહાર્દ જળવાય તેમજ વૈશ્વિકસ્તરે શ્રીબંધુઓ એકબીજા સાથે જોડાયેલા રહે તે માટે તૈયાર કરવામાં આવેલી 'વેબસાઈટ' જેનાથી, 'સમસ્ત શ્રીગૌડ કુટુંબો' આ 'ઈ-કડી' દ્વારા એકબીજા સાથે સંપર્કમાં રહેશે તેમજ વિશ્વના કોઈ પણ ખૂણે રહેતા શ્રીબંધુઓ સમાજની પ્રવૃત્તિઓથી માહિતગાર થશે તેમજ સહભાગી પણ થઈ શકશે.

આ વખતના અંકમાં તા. ૧૨-૦૫-૨૦૧૯ ના રોજ કારોબારીની મિટીંગમાં ઠરાવવામાં આવ્યા મુજબ 'અભિનંદન કાર્યક્રમ' નું આયોજન કરવામાં આવ્યું છે. તે અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે જેમાં આપ સૌને ઉત્સાહભેર સહભાગી થવા નમ્ર વિનંતી છે.

વિશેષમાં આપ સૌને ખાસ જણાવવાનું કે છેલ્લા કેટલા વર્ષો જોતાં આ વખતે સૌ પ્રથમવાર 'હિસાબી વર્ષ' પુરૂં થયાના ચાર માસમાં જ હિસાબો અને ઈન્ટરનલ ઓડિટ બંને પૂરા કરી નાખ્યા છે.

આ ઉપરાંત સુખદુ:ખના પ્રસંગ અને અન્ય જાહેરાત માટે નમૂનાઓ રજૂ કર્યા છે જેથી, આપને વિગતો આપવામાં સરળતા રહે. સમાજના લાભાર્થે વિવિધ પ્રવૃત્તિઓ તેમજ 'સમાજભવન' ઊભું કરવાના ભગીરથ કાર્ય માટે દરેક શ્રીબંધુઓ જાહેરાત, આજીવન સભ્યપદ, ડોનેશન, શુભકામના સંદેશ જેવાં માધ્યમો દ્વારા આવકના સ્રોત વધારવામાં મદદરૂપ થાય તો સમાજના સર્વાંગી ફાયદાવાળા આ ધ્યેયને પહોંચી વળવાનું ખૂબ સરળ બને.

હંમેશાની જેમ આપ સૌના સાથ, સહકાર અને સહયોગ માટે વિનયપૂર્વક આભાર

**- મિનલ શુક્લ**

## વાર્ષિક સાધારણ સભાની નોટિસ

શ્રી સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ની વાર્ષિક સાધારણ સભા તા. ૦૮-૦૯-૨૦૧૯, રવિવારે નીચેના સ્થળ અને સમયે રાખવામાં આવી છે. સમાજના નોંધાયેલા સભ્યશ્રીઓને આ મિટીંગમાં હાજર રહેવા હાર્દિક આમંત્રણ છે.

એજન્ડા :

૧. સમાજના દિવંગત હોદ્દેદારો અને સભ્યોને શ્રદ્ધાંજલિ

૨. શહેરા ખાતે તા. ૨૦-૦૧-૨૦૧૯ ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય મિટીંગ (AGM)ની કાર્યવાહી નોંધ વંચાણે લઈ મંજૂર કરવા બાબત.

૩. પ્રામુખ્ય ઉદ્‌બોધન

૪. સને ૨૦૧૮-૧૯ ના હિસાબોની રજૂઆત અને મંજૂર કરવા બાબત

૫. પ્રમુખશ્રીની મંજૂરીથી રજૂ થનાર બાબતો

૬. આભાર વિધિ

**બેઠકનું સ્થળ : ખડાયતા ભુવન, કપડવંજ રોડ, માર્કેટ યાર્ડની સામે, ડાકોર.**

**બેઠકની તારીખ : ૦૮-૦૯-૨૦૧૮, રવિવાર - સમય : સવારે ૧૧:૦૦ કલાકે**

**મંત્રીશ્રીઓઃ**

જયંત જોષી ● યોગેશ શુક્લ

---

# ઈન્ટરનલ ઑડિટ રિપોર્ટ

સભ્ય શ્રી,

સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

૨૦૧૮-૧૯ ના વર્ષ માટે મારી ઈન્ટરનલ ઑડિટર તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આ અંગે હું જણાવું છું કે :

૧. હિસાબી વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષની સર્વે આવક - રોકડ અને બેંક દ્વારા - રસીદ બુક પરથી જોઈ છે તે યોગ્ય રીતે હિસાબમાં લેવાયેલ છે.

૨. વર્ષ દરમિયાન થયેલ ખર્ચનાં વાઉચર જોયાં છે અને તે યોગ્ય રીતે હિસાબમાં લેવાયેલ છે.

૩. રસીદ નં. ૧૧૮૯ અને રસીદ ૧૧૯૦ નાં સભ્ય ફીનાં નાણાં કુલ રૂ. ૬૦૨-૦૦ કોઈક દ્વારા બેંકમાં ભરવામાં આવેલ છે, જે રકમ હિસાબમાં લેવાયેલ છે. પરંતુ વ્યક્તિનાં નામ જાણી શકાય તેમ ન હોઈ સભ્યનાં રજીસ્ટરમાં નામ લઈ શક્યાં નથી. સમાજના બેંક ખાતામાં બારોબાર રકમ જમા કરાવનારે હિસાબનીશ - કોષાધ્યક્ષને જાણ કરવી જરૂરી છે.

૪. વર્ષની શરૂઆતનો અને વર્ષના અંતનો બેંક સિલકમેળ જોયો છે અને તે બરાબર છે.

૫. ઉપરોક્ત વર્ષ દરમિયાન હિસાબનીશ - કોષાધ્યક્ષ તરીકે શ્રી કિરણભાઈ દવે એ સેવાઓ આપેલ છે અને હિસાબો અંગેના ખુલાસા તેઓશ્રી દ્વારા મળેલ છે જે માટે તેમનો આભાર માનું છું.

૬. હિસાબી વર્ષ દરમિયાન સમાજની આવક, દાન કે ખર્ચ વગેરે અંગેના જે કોઈ ઠરાવ કારોબારીમાં કે જનરલ મીટીંગમાં કરવામાં આવેલ હોય, અગર જે ઠરાવો પર અસર થતી હોય એવા કોઈ પણ ઠરાવ, મીનટ્સ બુકના અભાવે જોઈ શકાયા નથી.

૭. ભલામણ કરવામાં આવે છે કે હવાલાનાં પણ વાઉચર બનાવવાં, તેમાં હવાલો સમજાવતું સ્પષ્ટ વિવરણ (નેરેશન) લખવું અને રોકડ, બેંક કે હવાલાનાં દરેક વાઉચર પ્રમુખ-મંત્રી દ્વારા સહી કરી પ્રમાણિત કરવાં.

૮. હિસાબોની સાથે સભાસદ રજીસ્ટરમાં પણ નવા ઉમેરાતા સભ્યોની વિગત ઉમેરાય એ પ્રકારની ઈન્ટિગ્રેટેડ સિસ્ટમ વિકસાવવી.

૯. ઉપરોક્ત હિસાબો સ્ટેચ્યૂટરી ઑડિટ અને એ દરમિયાન જો કોઈ સુધારા કરાવવામાં આવે તો તેવા સુધારાને આધિન છે.

**તારીખ : ૨૬-૦૭-૨૦૧૯** **(શૌનક એસ. પાઠક)**

| Liabilities | Rs. | Rs. | Assets | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| **Capital Account** | | | **Fixed Assets** | | |
| Kayami Fund | 877405.00 | | Furniture | | 23700.00 |
| Nibhav Fund | 57436.00 | | Current Assets | | |
| Life Membership fund | 387446.00 | | Bank of India FDR | 275402.00 | |
| Death Member Life Fees Fund | 200.00 | | Cosmos Bank FDR | 149800.00 | |
| Reserve & Surplus | 22820.00 | 1345307.96 | SBI FDR | 748000.00 | 1173202.00 |
| **(A) Current Liabilities** | | | Cash & Cheque on Hand | 15813.00 | |
| Unpaid Jagruti Exp. | 19770.00 | | Bal. with Saving A/c. | 42352.39 | 58165.39 |
| **(B) Other Payables** | | | **Receivables** | | |
| Shri Jayant G. Joshi | 370.00 | | Shri B. N. Upadhyay | 16000.00 | |
| Shri K. H. Pathak | 2349.00 | | Shri Yogesh K. Shukla | 5628.00 | 21628.00 |
| Shri Kiranbhai Dave | 540.00 | | | | |
| Total A+B | 3259.00 | 23029.00 | Expenses Not W/o Jagruti Publishing Exp. | | 16309.97 |
| | | | Income & Expenditure A/c. | | 75331.60 |
| | **Total Rs.** | **1368336.96** | | **Total R.s** | **1368336.96** |

## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR 2018-2019

| Expendirure | Rs. | Rs. | Income | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| **Jagruri, Account** | | | **Intereast from Bank** | | |
| Printing Exp. | 35334.60 | | On FDR | 36530.00 | |
| Postage Exp. | 21513.00 | | Less: TDS | 1640.00 | |
| | 56847.60 | | | 34890.00 | |
| Less: Advertisement Income | 16701.00 | 40146.60 | On Savings A/cs. | 3991.00 | 38881.00 |
| Bank Charg | | 118.00 | Excess Of Expenditure over Income carried to Balance Sheet | | 75331.60 |
| Audit Fees | | 11500.00 | | | |
| Cherity Comm. Fees | | 16845.00 | | | |
| Electricity Exp. | | 9700.00 | | | |
| Meeting Exp. | | 6581.00 | | | |
| Office Maintenane Exp. | | 5103.00 | | | |
| Office AMC Exp. | | 17677.00 | | | |
| Stationery, Xerox Exp. | | 6542.00 | | | |
| | **Total Rs.** | **114212.60** | | **Total Rs.** | **114212.60** |

**Note : The Accounts are subject to any correction/adjustment desired by the Statutory Auditors.**

# અભિનંદન (સમાજના મેળાવડાનો અવસર)

**સુજ્ઞ જ્ઞાતિજનો,**

સાદર નમસ્તે...!

આપ સૌને જણાવવાનું કે તા. ૧૨-૦૫-૨૦૧૯ ના રોજ મળેલ કારોબારી સમિતિની મિટીંગમાં ઠરાવવામાં આવ્યું છે કે યશસ્વી કારકીર્દિ બનાવનાર સમાજના વિદ્યાર્થીઓનું અને વિશિષ્ઠ પ્રદાન કે સિદ્ધિ પ્રાપ્ત કરનાર જ્ઞાતિજનોનું સન્માન કરવાનો એક કાર્યક્રમ કરવો.

હાલના તબક્કે આ 'અભિનંદન' કાર્યક્રમ નવેમ્બર માસના લગભગ પ્રથમ સપ્તાહમાં કરવો એવું વિચાર્યું છે. આ અંગે ચોક્કસ તારીખ અને સ્થળ નક્કી થાય કે, તરત જ સમાજની વેબસાઈટ અને અન્ય અનુકૂળ માધ્યમો દ્વારા જણાવવામાં આવશે.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવાનું નક્કી કરવામાં આવ્યું છે જેમાં પ્રતિભાશાળી સભ્યો કે તેમનાં બાળકો પ્રાર્થના, નૃત્ય (Solo કે Group), ગીત એકાંકી જેવી કલા રજૂ કરી શકશે.

આ પ્રકારની રજૂઆત કરવા ઈચ્છતા હોય તેમણે નીચે આપેલા શ્રીબંધુઓમાંથી કોઈનો પણ સંપર્ક કરી તા. ૩૦મી સપ્ટે. સુધીમાં જાણ કરવી.

**૧. શ્રી હરીન્દ્રભાઈ જે. પાઠક** . . ૯૭૨૪૯ ૪૯૦૮૨
**૨. શ્રી જયંતભાઈ જોષી** . . . . . ૯૬૦૧૯ ૯૫૫૬૭
**૩. શ્રી યોગેશભાઈ શુક્લ** . . . . ૯૮૨૪૦ ૫૮૭૯૯
**૪. શ્રી ઉદયભાઈ શાસ્ત્રી** . . . . ૯૮૨૫૩ ૯૩૫૯૯
**૫. શ્રી ધ્રુવભાઈ શુક્લ** . . . . . ૯૪૨૯૩ ૫૫૬૫૩

આ પ્રસંગે એક 'સોવેનિયર' પણ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

**આ 'સોવેનિયર' છ૪ સાઈઝમાં ચાર કલરમાં છાપવામાં આવશે જેમાં, જાહેરાતના દર નીચે મુજબ રહેશે.**

| | | | |
|---|---|---|---|
| **કવર પેજ અંદરની બાજુ** | રૂ. ૧૦,૦૦૦-૦૦ | **અંદરનું હાફ પેજ** | રૂ. ૩,૦૦૦-૦૦ |
| **કવર પેજ પાછળની બાજુ** | રૂ. ૧૫,૦૦૦-૦૦ | **ક્વાર્ટર (ચોથા ભાગનું) પેજ** | રૂ. ૧,૫૦૦-૦૦ |
| **અંદરનું ફૂલ પેજ** | રૂ. ૬,૦૦૦-૦૦ | **શુભેચ્છા (૧૯ સે.મી. × ૪ સે.મી.)** | રૂ. ૧,૦૦૦-૦૦ |

સમાજના સભ્યો મોકળાશથી પોતાનું યોગદાન આપી શકે તે માટે જાહેરાતના દર ખૂબ જ નીચા અને વ્યાજબી રાખવામાં આવ્યા છે.

આ કાર્યક્રમ માટે ડૉનેશન દ્વારા આપ આપનું યોગદાન આપશો તો સમાજ માટે ઉપયોગી અને સરાહનીય રહેશે.

આપને જણાવવાનું કે, ઓક્ટોબર માસના છેલ્લા અઠવાડિયામાં દીવાળીના તહેવાર હોવાને કારણે સમયસર કામ પૂર્ણ થઈ શકે તે માટે આપની જાહેરાત તા. ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીમાં પહોંચાડવા વિનંતી છે.

**જાહેરાત સંપર્ક :**

**૧. શ્રી પ્રદીપભાઈ પંડ્યા**.........૯૦૬૭૭ ૨૬૩૦૩
**૨. શ્રી રાજેશભાઈ પંડ્યા** ........૯૯૯૮૭ ૧૬૫૭૭
**૩. શ્રી યોગેશભાઈ શુક્લ** ........૯૮૨૪૦ ૫૮૭૯૯
**૪. શ્રી હિતેશભાઈ ભટ્ટ** ..........૯૮૨૪૦ ૯૧૨૯૬
**૫. શ્રી પંકજભાઈ શુક્લ** .........૯૮૨૫૦ ૦૮૧૪૪

(સપ્ટેમ્બર માસ દરમિયાન દરરોજ સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦ વાગ્યા સુધીમાં સમાજના કાર્યાલય ઉપર રૂબરૂ પણ પહોંચાડી શકો છો.)

જાહેરાતની રકમ, જાહેરાતની સાથે જ 'સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત' ના નામના ચેક/ડ્રાફ્ટ દ્વારા આપી શકો છો અથવા સમાજના બેંક એકાઉન્ટમાં NEFT/RTGS દ્વારા જમા કરાવેલ રકમની જાણ કોષાધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ પુરોહિત (મો. નં. ૯૮૨૪૩ ૫૮૨૯૭) ને અનિવાર્યપણે અને અચૂક જાણ કરવી.

આપણા સમાજના દરેક કાર્યક્રમ અગાઉના કાર્યક્રમો કરતાં વધારે સરસ રીતે સફળ બનાવવાની ભાવના અને અભિગમ રહ્યા છે.

હંમેશાની જેમ આપ સૌના સાથ સહકારથી આ કાર્યક્રમને પણ સફળ કરીશું જ એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે...

**- હરીન્દ્ર જે. પાઠક**

ઉપપ્રમુખ અને કન્વીનર - કાર્યક્રમ 'અભિનંદન'

# જ્ઞાતિ સેતુ

*સર્વપ્રથમ આપણી જ્ઞાતિના મુખપત્ર 'શ્રીગૌડ જાગૃતિ' માં 'ગેસ્ટ એડિટર' તરીકે મારા વિચાર રજૂ કરવા મને આમંત્રણ આપવા બદલ હું જ્ઞાતિના પ્રમુખ શ્રી કમલેશભાઈ પાઠક અને જ્ઞાતિનો આભાર પ્રગટ કરૂં છું. મને સૂચવેલ વિષય 'યુવાનોનું સમાજમાં યોગદાન' ને ધ્યાનમાં રાખી હું મારા વિચારો અહીં રજૂ કરૂં છું.*

*સમાજને અનુભવી વડિલોની જેટલી જરૂર વર્તાય તેટલી જ નવા વિચારો અને ઊર્જાવાન યુવા પેઢીની પણ જરૂર ખરી. આજનો યુવાવર્ગ ખૂબ જ મહત્વકાંક્ષી હોય છે અને કહેવાય છે કે યુવાવર્ગ એ સમાજની કરોડરજ્જુ છે. જેઓ સમાજના ભવિષ્યનું નિર્માણ કરે છે અને સમાજ પણ આ યુવાવર્ગ પાસેથી ઘણી બધી અપેક્ષાઓ રાખે છે.*

*એક જમીની હકીકત એ પણ છે કે, કોઈપણ સમાજની સામાજિક, આર્થિક કે પછી સાંસ્કૃતિક પ્રગતિ સમાજના યુવાવર્ગની નિર્ણાયક ભૂમિકા પર આધારિત હોય છે. યુવાવર્ગ એટલે સમાજનો એક ઉત્સાહી જૂથી કે જે આવતીકાલની જવાબદારી પ્રત્યેની સભાનતા ધરાવતો, વડિલોનું ગૌરવ, સમાજની પરંપરા સાથે નવા વિચારો અને નવી તાકાત સાથે સમાજમાં સકારાત્મક વિકાસ સાધી શકે તેવો, જેમ કે આજનો યુવાવર્ગ કેટલેક અંશે વિચારશીલ, સુધારાવાદી અભિગમ ધરાવે છે. સાથે સાથે વડિલોના માર્ગદર્શન હેઠળ બૌદ્ધિક, સાંસ્કૃતિક અને આર્થિક પ્રગતિનો પણ ખ્યાલ ધરાવે છે.*

*સમાજદ્વારા વર્ષોથી ચાલતી જે કોઈ પ્રવૃત્તિઓ છે તેમાં આ યુવાવર્ગ કઈ રીતે ફાળો આપી શકે તે મહત્ત્વનું છે. મને લાગે છે કે જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિઓ સિવાય અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓને આગળ ધપાવવામાં યુવાવર્ગનો ફાળો વિશેષ રહેશે ખરો. જેમ કે મેડિકલ ક્ષેત્રે જોડાયેલ યુવાવર્ગ આરોગ્ય કેમ્પ, બ્લડ ડૉનેશન કેમ્પ જેવા કાર્યક્રમ દ્વારા જ્ઞાતિના લોકોને સાંકળી શકે. સાથે સાથે 'બ્લડ બેન્ક' જેવી સંસ્થાઓ સાથે જોડાવાથી ભવિષ્યમાં જ્ઞાતિના કોઈપણ વ્યક્તિને બ્લડની જરૂર પડે ત્યારે આ સંસ્થાનો લાભ મળી શકે. શિક્ષણ સાથે સંકળાયેલ યુવાવર્ગ શૈક્ષણિક અને બાળકોના ઘડતર માટેની પ્રવૃત્તિઓમાં મહત્ત્વનો ફાળો આપી શકે છે જેમ કે શૈક્ષણિક કારકીર્દિ માટેના કેમ્પ, ટ્રેકિંગ કેમ્પ વગેરે. સમાજના બાળકોને અભ્યાસ પછી નોકરી કે વ્યવસાયમાં કઈ રીતે મદદરૂપ થઈ શકે તે આવનાર દિવસોમાં મહત્ત્વની બાબત ગણાશે. આપણા યુવાવર્ગને જ્ઞાતિની સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સાથે નોકરી ઈચ્છુક માટે જોબ ફેર, મહિલાઓ અને સિનિયર સિટીઝન્સ માટેના વિશેષ કાર્યક્રમો કે પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જ્ઞાતિનાં બાળકોને માર્ગદર્શન વગેરે પર ધ્યાન આપવાની તાતી જરૂર છે અને આ માટે યુવા સંમેલનનું આયોજન કરી શકાય. સમાજ માટે સમય આપી શકે અને નોકરી ઈચ્છુકોને મદદ કરી શકે તેવા યુવાન મિત્રોની વિગત તૈયાર કરવાની જરૂર છે, કે જેથી સરકારી યોજનાઓનો લાભ, નોકરી વિષયક સેવાઓ જેવા લાભો આ યુવાવર્ગ સમાજના એક વંચિત સમુદાયને પહોંચાડી શકે છે. સમાજની મર્યાદિત આવકો અને તેની સાથે થતા ખર્ચાઓ જોતાં જ્ઞાતિનો સાધન-સંપન્ન યુવાવર્ગ આર્થિક મદદ પણ કરી શકે છે જેમ કે 'કોર્પસ ફંડ' કે પછી 'એન્ડોમેન્ટ ફંડ' કે જે લાંબાગાળે સમાજને એક નવી રાહ બતાવી શકે છે અને આ જ સંદર્ભમાં મને લાગે છે કે યુવાવર્ગ પાસે નેતૃત્વ, નવીનતાઓ, ઊર્જા, કુશળતા વગેરે જેવી અનેક લાક્ષણિકતાઓ છે જે સમાજની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતો માટે અતિ મહત્ત્વની કડી છે. જેનો લાભ આપણે અવશ્ય લેવો જોઈએ. આશા રાખું છું કે આપ સર્વે આ અંગેનાં આપના પ્રતિભાવો જરૂરથી આપશો. ફરી એકવાર મને તક આપવા બદલ ખૂબ જ આભાર.*

**- વિમલ ત્રિવેદી**

---

**શ્રી વિમલ રમણલાલ ત્રિવેદી,** *અ સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત ખાતે એસોસીએટ પ્રોફેસર છે. તેઓ આંકડાશાસ્ત્ર અને રિસર્ચ મેથોડોલોજીના તજજ્ઞ છે અને તેમણે ૫૦ થી વધુ પી.એચ.ડી કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરૂં પાડ્યું છે. તેમના ૩ પુસ્તકો અને ૫૦ થી વધુ લેખો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જર્નલમાં છપાયા છે.*

---

# વિદ્વાન બ્રાહ્મણ - રામાનુજન



જિમીત આર. પંડ્યા
B. Sc. (Physics)

રામાનુજન અસાધારણ પ્રતિભાસંપન્ન ગણિતશાસ્ત્રી હતા. તેમણે કોઈ જ પ્રકારનું ઔપચારિક શિક્ષણ મેળવ્યું ન હતું છતાં તેમણે ગણિતશાસ્ત્રની વિભાવનાઓ જેવી કે, અનંત શ્રેણી, સતત ભિન્નતા, અને સંખ્યા સિદ્ધાંતમાં અભૂતપૂર્વ યોગદાન આપ્યું હતું. જેના માટે તેમને ૨૦મી સદીના સૌથી મહાન ગણિતશાસ્ત્રીઓમાંનાં એક ગણવામાં આવે છે.

રામાનુજન નો જન્મ ૨૨ ડિસેમ્બર, ૧૮૮૭ ના રોજ તામિલનાડુના ઈરોડમાં થયો હતો. તે ખૂબ જ ધાર્મિક માણસ હતા. જે હંમેશા પવિત્ર જનોઈ પહેરતા અને દરરોજ મંદિરે દર્શન કરવા જતા, શુદ્ધ શાકાહારી હતા, માથે શિખા તરીકે નાની ચોટલી રાખતા હતા કારણ કે તે ચુસ્ત બ્રાહ્મણ હતા.

નાની ઉંમરમાં જ જ્યારથી રામાનુજનને ગણિતશાસ્ત્રનો પરિચય થયો ત્યારથી જ તેમણે પોતાની સંપૂર્ણ એકાગ્રતા ગણિતના રહસ્યો શોધવામાં ખર્ચી નાંખી હતી જેના પરિણામે તેમને શાળામાં ગણિતમાં પૂરા ગુણ મળતા પરંતુ બાકીના વિષયોમાં નાપાસ થતા, જેને પરિણામે તેમને શાળામાંથી કાઢી મૂકવામાં આવ્યા અને તેથી જ તેમણે યુનિવર્સીટીમાં શિક્ષણ મેળવવાની તક ગુમાવી દીધી. પરંતુ રામાનુજન હિંમત હાર્યા નહીં, તેમણે પૈસા અને સંસાધનો ન હોવા છતાં પોતાની જાતે ગણિત ક્ષેત્રે સંશોધન ચાલુ રાખ્યું હતું.

રામાનુજને ઘણા ભારતીય ગણિતશાસ્ત્રીઓને પોતાનું સંશોધન મોકલ્યું પણ તેઓ તેને સમજી શક્યા નહીં અને તેમના કામને 'Ridles with Holes' જેવું કહીને નકારી કાઢ્યું હતું. અંતે રામાનુજને પોતાનું સંશોધન અને સૂત્રો બ્રિટીશ ગણિતશાસ્ત્રી ગોડ્ફ્રેય હાર્ડીને મોકલ્યા, હાર્ડી આ સૂત્રો જોઈને અચંબામાં પડી ગયા કેમ કે, આ તેમના માટે પણ નવા હતા. તેમને લખ્યું છે કે, "આના જેવું ક્યારેય જોયું જ નથી અને આ સાચું જ હોવું જોઈએ" કેમ કે, તેઓ આવા સૂત્રોની કલ્પના પણ કરી શકતા નથી. હાર્ડી સમજી ગયા કે, રામાનુજન ઉચ્ચતમ કક્ષાના ગણિતશાસ્ત્રી છે માટે તેમણે રામાનુજનને ઈંગ્લેન્ડ બોલાવ્યા.

રામાનુજનની માતાની ઈચ્છા તે ઈંગ્લેન્ડ જાય તેવી હતી જ નહીં તેમણે રામાનુજનને ઈંગ્લેન્ડ જવાની ના પાડી, પરંતુ તેમની માતાને સપનામાં કુળદેવી આવ્યાં અને તેમણે રામાનુજનની માતાને આદેશ આપ્યો કે, રામાનુજનને જવા દે અને તેના ઉદ્દેશની વચ્ચે ના આવીશ. ત્યારબાદ તેમની માતા માની ગઈ અને રામાનુજનને ઈંગ્લેન્ડ જવાની મંજૂરી આપી. રામાનુજનને પોતાની યુવાન પત્ની અને માતાને છોડી ઈંગ્લેન્ડ તરફ પ્રયાણ કર્યું.

રામાનુજન ઈંગ્લેન્ડ પહોંચ્યા ત્યારે હાર્ડીએ તેમની નોંધપોથી ચકાસી અને તેમણે રામાનુજનની ઉચ્ચ પ્રતિભા જાણી લીધી. હાર્ડીએ જ્યારે તેમને તેમના જ્ઞાનનું રહસ્ય પૂછ્યું ત્યારે રામાનુજને કહ્યું હતું કે, તેમની કુળદેવી તેમને આ જ્ઞાન આપે છે અને તેમને સપનામાં જ્ઞાન આપે છે, રામાનુજને કહ્યું હતું કે, **"ગણિતનું જે સમીકરણ ઈશ્વરના વિચારો દર્શાવતું ના હોય, તે સમીકરણ મારા માટે નિરર્થક છે."**


ઈંગ્લેન્ડમાં હાર્ડી સાથે જ્ઞાનની ક્રિયા-પ્રતિક્રિયા કરવી એ એમની જીંદગીનો સૌથી સારો બૌદ્ધિક અનુભવ હતો. રામાનુજનને તેમની 'સંયુક્ત સંખ્યા' પરના સંશોધન ના કારણે **'વિજ્ઞાન સંશોધક'** ની પદવી પ્રાપ્ત થઈ હતી, જે ૧૯૧૭ માં Ph.D. ને સમકક્ષ હતી. તેને બીજા જ વર્ષે તેમને 'રોયલ ફેલો સોસાયટી' માં સ્થાન આપવામાં આવ્યું.

કમનસીબે તે જ વર્ષે તેમની તબિયત ખૂબ જ ખરાબ થઈ, તેઓ ચુસ્ત શાકાહારી બ્રાહ્મણ હતા તેના કારણે તેઓ ઈંગ્લેન્ડમાં માંસાહારી ખોરાક લેતા ન હોવાથી તેમને ભૂખ્યા રહેવું પડતું હતું. તેમના ઘરેથી આવતા પત્ર પણ બંધ થઈ ગયા હતા અને તેમનામાં ગણિત માટેની ઊર્જા રહી ન હતી. આખરે તે ભારત પાછા ફર્યા, તેમને પાછા ફરતી વખતે હાર્ડી એ કહ્યું કે, તે જે ટેક્ષીમાં પાછા ફરી રહ્યા છે તે ટેક્ષીનો નંબર ૧૭૨૯ છે જે ખૂબ જ રોચક છ. કારણ કે, તે કોઈ બે સંખ્યાના વર્ગનો સરવાળો બે જુદી જુદી રીતે કરીને મેળવી શકાય છે. આ સંખ્યાને 'રામાનુજન નંબર' તરીકે ઓળખવામાં આવે છે.

આખરે તે ભારત પાછા ફર્યા. ઈંગ્લેન્ડમાં સતત ભૂખ્યા રહેવાના કારણે તેમને ટી.બી. ની બિમારી થઈ ગઈ હતી તેના લીધે તેમનું ૨૬ એપ્રિલ, ૧૯૨૦માં માત્ર ૩૨ વર્ષની નાની વયે અવસાન થયું.

રામાનુજને તેમની માત્ર ૩૨ વર્ષની ખૂબ જ ટૂંકી જીવન યાત્રામાં કરેલાં સંશોધનો અને સૂત્રો એટલાં જટિલ છે કે, આજના સુપર કમ્પ્યૂટરના જમાનામાં પણ તેમના ૪૦૦૦ જેટલાં સૂત્રો સમજી શકાતાં નથી. તેમની યાદમાં ભારત સરકારે તેમના જન્મદિવસ ૨૨ ડિસેમ્બરને **'રાષ્ટ્રીય ગણિત દિવસ'** તરીકે ઘોષિત કર્યો છે.

## સત્ય સંકલ્પ કા દાતા ભગવાન



### સ્વ. શ્રી મહેશચંદ્ર પ્રભાશંકર પંડ્યા

મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી શ્રીગૌડ અભ્યુદય કેળવણી ટ્રસ્ટ, વડોદરા.
આગમન : તા. ૨૪-૦૯-૧૯૪૧
નિર્વાણ : તા. ૦૮-૦૭-૨૦૧૯

**થાક ઘણો હતો ચહેરા પર પણ, અમારી ખુશી માટે અનહદ પરિશ્રમ કરતાં જોયા છે.**
**આંખમાં ઊંઘ હતી ઘણી છતાં પણ, ચિંતામાં જાગતા જોયા છે**
**તકલીફો હતી ચારે બાજુથી પણ, હિંમત હાર્યા વગર એકલા હાથે લડતા જોયા છે.**
**કોઈને તકલીફ વર્ણવતા ન હતા પણ, અડધી રાતે ખુલ્લી આંખે,**
**અમારા ભવિષ્યના સપનાં સજાવતા જોયા છે.**
**પાઈ પાઈ ભેગી કરી અમારી ખુશી ખરીદતા જોયા છે.**
**એ ખુશી માટે પોતાનાં શમણાંઓને રોળતા જોયા છે.**
**પોતાની પસંદગીને ના પસંદ કરી, અમારી પસંદગી અપનાવતા જોયા છે.**
**વ્યક્તિ એક હતા પણ વિશેષતાઓ અનેક હતી. પિતા સ્વરૂપે સર્જનહારને જોયા છે.**

આપણી શ્રીગૌડ બ્રાહ્મણની જ્ઞાતિના ઉત્થાનના વિવિધ કાર્યક્રમોમાં સદાય માર્ગદર્શક તેમજ સહાયક બની રહ્યા હતા.

શ્રી બચુકાકા વ્યવસાયમાંથી નિવૃત્ત થઈ પોતાના પુત્રોને વ્યાવસાયિક ક્ષેત્રમાં સદાય પ્રેરક તેમજ પથ પ્રદર્શક બની રહ્યા હતા. પુત્રો, પુત્રવધૂઓ, પુત્રીઓ, જમાઈઓ તથા દોહિત્રોનો બહોળો પરિવાર ધરાવતા બચુકાકા સૌના પ્રિય દાદા હતા.

શ્રી શ્રીગૌડ અભ્યુદય કેળવણી ટ્રસ્ટ, વડોદરામાં મેનેજીંગ ટ્રસ્ટીનો હોદ્દો સંભાળ્યા બાદ મૃતઃપ્રાય બની ગયેલ ટ્રસ્ટને જીવતદાન બક્ષેલ હતું અને ટ્રસ્ટના મુખ્ય આધારસ્તંભ બની ગયેલ. તેઓ ટ્રસ્ટ માટે પ્રેરક તેમજ માર્ગદર્શક હતા. ટ્રસ્ટની પ્રવૃત્તિઓને પુનઃજીવીત કરી અને નાણાંકીય ભંડોળ વધારવા સદા અગ્રેસર હતા. ટ્રસ્ટની પ્રગતિ માટે તેઓ તન-મન-ધન દ્વારા સદા સક્રિય રહ્યા છે. તા. ૨૫-૦૨-૨૦૧૮ના રોજ વડોદરા ખાતે સમસ્ત શ્રીગૌડ સમાજ અને જ્ઞાતિના અન્ય સંગઠનોને એકત્ર કરી ઐક્યતા સ્નેહમિલન સંમેલનનું સફળ આયોજન કરેલ હતું. તેમનાં વાણી, વ્યવહાર તેમજ વર્તનમાં જ્ઞાતિજનો પ્રત્યે આદરભાવ છલોછલ પ્રગટ થતો હતો.

તેઓ બાહોશ, નીડર તેમજ સ્વપ્નોને સાકાર કરવાની ગજબ કુનેહ ધરાવતા હતા. શ્રીગૌડ સમાજના સર્વાંગી ઉત્કર્ષ માટે તેમણે આપેલી સેવાઓ અને તેમનો અન્ય માટેનો પ્રેમ અને હૂંફ સદાય યાદ રહેશે. સતત તેમના દ્વારા કરવામાં આવતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ અને તેમની સુદીર્ઘ સેવાઓનો સમાજ હંમેશા ઋણી રહેશે.

આવા કુટુંબવત્સલ તેમજ જ્ઞાતિજનો માટે સદાય આદરપાત્ર, પરોપકારી, પ્રમાણિક એવા શ્રી બચુકાકાના પવિત્ર આત્માને પ્રભુ શ્રી ભીમનાથ દાદા પોતાનાં ચરણોમાં શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

TROPICAL SOLAR ENERGY


# Dhvanit Pathak

Director

+91 94285 10372
+91 79 26400281
dhvanit.pathak@tropicalsolar.in

**104-105 Emerald, opp Hotel Crown**
**Ahmedabad, Gujarat, India-380009**

www.**tropicalsolar**.in

EMERALD
DEVELOPERS

YOU DREAM, WE BUILD

**FLATS | OFFICE | SHOPS**
**BUNGALOWS | WEEKEND HOMES**

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Croos Road, CG Road,
Navrangpura, Ahmedabad - 09, Gujarat, India.

+91-99099 26568, 9925002100



# Dr. DHWANIL SHUKLA

**S/O REKHA & PANKAJ MANEKLAL SHUKLA**
AHMEDABAD (VICE PRESIDENT-S.S.S.G)

**Native Place : Madhwas** ( મધવાસ )

**B. Tech(Mechanical) (Gold medalist)**
I.I.T. Gandhinagar
Year of Passing June-2014

---

**Ph.D. (AEROSPACE)**
**GEORGIA TECH** (ATLANTA, USA)
Year of Passing June-2019

**શુભેચ્છક**

*સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત ચિ. ધ્વનીલ ને તેની ઊજવળ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવે છે.*


## આકાશી રંગ

કુદરતના નિખર્યા રંગ નીરખે નેણ
વિખરાઈ રંગોળી આમ તેમ નીતરે નૈન
આહલાદક આ સાયુજ્ય સરવર ચઢ્યું હિલોળે
શલાકા ખુદ ડૂબી અચરજમાં
અહો વાદળો વીંધી ક્યાંથી આવી આ રંગોની આંધી
નિઃશબ્દ વિમૂઢ બની કંપારી છૂટતી રહી
શબ્દોનો પ્રસવ કરવા છટપટાતી વેદના સરતી રહી
હજીય છે સાવ અધૂરું, છતાં આકાશ લાગે સુમધુરું
નભના વાદળની ચાળણી, ચળામણમાં નીકળી
કાળી ધોળી વાદળી, રતુંબડા ને માથાબોળ ઝબોળી
સે જ કેસરિયો ઘોળી, દરિયાને ચુમતી
વીજળીની તસતસતી ચોળી
ફેલાયેલ મોરપંખ જાણે શ્વેત શ્યામ
ફીકા પડ્યા સઘળા રંગના આયામ
- કેતન પાઠક

## ગ્રાહક જાગૃતિ

કેવળ ઉપભોગ નહીં, જરૂરી જીવનની રક્ષા,
અમૂલ્ય જીંદગીના લાભાર્થે, રચાયું 'ગ્રાહક સુરક્ષા'
વિશ્વ અર્થકારણનો, મૂળભૂત આધાર છે 'ગ્રાહક',
સજાગતા પ્રસરાવી કમાણીના મૂલ્યની, અપાવીએ હક.
ગુણવત્તા, માત્રા ને ખાતરી, વપરાશનો મૂલ્યાંક,
ગ્રાહકનો સંતોષ હોય, નફાનો અંતિમ લક્ષ્યાંક.
ભ્રામક યોજનામાં ભરમાતા, ગ્રાહકને લાગે ક્ષણ,
લોભ-લાલચની મહા માયાજાળથી, છોડાવે 'ગ્રાહક-શિક્ષણ'.
ગ્રાહક જાગી ગયો છે, હવે ઉત્પાદકોને જગાડો,
સચોટ પુરાવા સાથે, લલચામણી જાહેરાતોને ભગાડો.
ખોરાક, પીણાં, વસ્તુ કે હોય સ્વસ્થ પર્યાવરણ,
'ગ્રાહક સુરક્ષા ધારા' થી રક્ષાયુ, ગ્રાહકના હિતોનું આવરણ.
આપણા ગ્રાહક અધિકાર ક્ષેત્રના, હેતુને સાકારીએ,
'જાગૃત ગ્રાહક' બની અભિયાનને, વિશ્વ ફલક પર આકારીએ.
- મિનલ શુક્લ

# મારો જીવન પ્રવાસ



## ડૉ. રાજેશકુમાર મો. પુરોહિત
## (ડૉ. રાજેશ પુરોહિત)

**પિતાશ્રી : મોહનલાલ એલ. પુરોહિત (આફ્રિકાવાળા)**

**જન્મ : ૧૨મી જુલાઈ, ૧૯૪૯**

**વતન : ડાકોર - બાયડ**

| | | |
|---|---|---|
| રિટાયર્ડ | : | મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી, ગુજરાત.<br>પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર, ગુજરાત સરકાર. |
| શિક્ષણ | : | બી. એસ.સી., એમ. એસ.સી. (કેમેસ્ટ્રી) (વર્ષ ૧૯૭૧)<br>ભવન્સ કોલેજ, ડાકોર, ગુજરાત યુનિવર્સીટી<br>પી.એચ.ડી. : ૧૯૯૨ (કેમેસ્ટ્રી) એમ.એસ.યુનિવર્સીટી, વડોદરા (નોકરીની સાથો સાથ) |
| સરકારી સેવા | : | કુલ ૩૪ વર્ષ સરકારશ્રીમાં. |
| સ્થાપક | : | જ્ઞાન-વિજ્ઞાન પ્રયોગશાળા, વડોદરા. (સંશોધન સંસ્થા)<br>શ્રી રાજ એન્ટરપ્રાઈઝ, વડોદરા. (વ્યાપારિક એકમ) |
| જીવન ધ્યેય | : | **લોકોને રોગમુક્ત કરવા તથા ઉત્તમ પેયજળ માટે દિશા સૂચન કરવાં.** |

**પ્રવૃત્તિ :** નિવૃત્તિ પછીની પ્રવૃત્તિ, 'જલસુજલ' પાવડર તથા પ્રવાહીનું સંશોધન, તેની ભારત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્તિ, તેનું ઉત્પાદન અને વિતરણ. સાથે સાથે 'ક્લોરિન દર્શક' ક્લોરોસ્કોપ, હાર્ડવોટર માપક, ક્લિનોક્વા પાવડરનું સંશોધન અને ઉત્પાદન, રાષ્ટ્રીય કક્ષાનાં ઈન્ડિયન વોટર વર્ક્સ એસોસિએશન માં ખૂબ જ સક્રિય તથા તેના વડોદરા સેન્ટરમાં ઘણાં વર્ષો સુધી સેક્રેટરી.

કારકિર્દીનાં વર્ષો દરમિયાન ભારતમાં જુદા જુદા ૧૭ ટ્રેનિંગ પ્રોગ્રામમાં હાજરી તથા વ્યાખ્યાનો આપ્યાં.

- એનાલિટીકલ કેમેસ્ટ્રીના વિષયમાં ૬ રિસર્ચ પેપર્સ આંતરરાષ્ટ્રીય ધોરણે પ્રસિદ્ધિ પામેલ.
- ક્રોમેટોગ્રાફી ઉપર આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર રજૂ કરેલ.
- રાષ્ટ્રીય ધોરણે પાણી, ગુણવત્તા, આરોગ્ય, પ્રદુષણ વગેરે વિષયો ઉપર કુલ ૧૮ સંશોધન પેપર્સ રજૂ કરેલ.

**મેમ્બરશીપ (સભ્યપદ) :** ઘણી જાહેર શૈક્ષણિક તથા સેવાકીય સંસ્થાઓમાં આજીવન મેમ્બરશીપ મળેલ છે.

એવોર્ડ : ભારત સરકાર દ્વારા 'ભારતીય વિકાસ રત્ન' એવોર્ડ તથા આંતરરાષ્ટ્રીય સ્તરે 'એક્વા એક્સલન્સી એવોર્ડ : ૨૦૦૯' એક્વા ફાઉન્ડેશન દ્વારા એનાયત કરવામાં આવેલ.

**હાલ :** શ્રી રાજ એન્ટરપ્રાઈઝ, વડોદરા દ્વારા ઉત્પાદનો તથા તેનું વિતરણ ચાલુ જ છે. અમારા દ્વારા સ્થાનિક પાણીની ગુણવત્તા ટ્રીટમેન્ટ અંગેનાં કેમિકલ્સ, ઈન્સ્ટ્રુમેન્ટ્સ, ટેસ્ટિંગ અંગેના અભ્યાસ કન્સલ્ટિંગ હાથ ધરવામાં આવે છે.

**મારૂં જીવન જળ સમર્પિત છે.**

અને હું ૧૨ જુલાઈ, ૨૦૧૯ ના રોજ ૭૦ વર્ષની સફર પૂર્ણ કરી ૭૧ મા વર્ષમાં ડગ માંડનાર છું.

જળ વિજ્ઞાન અને આરોગ્ય વિષય ઉપર પુસ્તકનું લખાણ કાર્યરત છે.

# શ્રદ્ધાંજલિ



## પ્રફુલાબેન નરેન્દ્રપ્રસાદ દવે

**ત્વમેવ માતા ચ ભ્રાતૃભાર્યા : ન ચ વિપ્રયોગ**

અમારાં માતા ૧૬ વર્ષ પૂર્ણ થતાં પહેલાં પ્રભુતામાં પગલાં માડી સાસરે આવ્યાં. વઙાની પરીક્ષા પાસ કરી, પી.ટી.સી. થયાં અને ચાર દાયકા કરતાં વધુ સમય શિક્ષિકા-આચાર્યાની સેવા આપી નિવૃત્ત થયાં. અમો ત્રણેય ભાઈ-બહેનોને ઉચ્ચ શિક્ષા આપી પગભર કર્યાં. ચિરવિદાયના સમયે કોઈ મમત્વ ન રહે અને જીવ મહાપ્રયાણ કરે એમ અમોને દૂર કરી સ્વર્ગે સીધાવ્યાં.

**વૈભવ, નૈમિષા, કૃપા**

અમારાં ભાભી સગપણથી જ, વ્યવહારમાં તો યશોદાની ભૂમિકા જ ભજવી, અમારા પિતાના અસામયિક મૃત્યુ પછી સૌ ભાઈ-બહેનોની માતૃવત્ હૂંફ બક્ષી, પંડના સંતાનો કરતાં આ કેરો સ્નેહ અને વાત્સલ્ય પૂરું પાડ્યું ત્યારે અમે સૌ એટલું જ વાંચીએ છીએ કે,

**''ફરી તમે જ માતા અને ભાભી સ્વરૂપે મળો અને તમારો વિયોગ ન થાઓ''**

**શશીકાન્ત, સુમન, સુધા, અનિલ**
ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

## સ્વ. ડૉ. કેયૂર બંસીધર ઉપાધ્યાય

જન્મ તારીખ : *૦૫-૦૭-૧૯૭૭* ● અવસાન તારીખ *: ૦૪-૦૭-૨૦૧૯*



અમારા સુપુત્ર સ્વ. ડો. કેયૂર બંસીધર ઉપાધ્યાય નું તા. ૦૪-૦૭-૨૦૧૯ ને અષાઢી બીજ(રથયાત્રા) ના દિવસે ટૂંકી આવરદા ભોગવી દુઃખદ અવસાન થયું છે. પ્રાધ્યાપક સ્વ. કેયૂરે 'સૌરપુરાણ' પર મહાનિબંધ લખી પી.એચ.ડી. ની ડિગ્રી મેળવી હતી. સંસ્કૃતના પ્રાધ્યાપક અને ટી.વી. તેમજ તખ્તાના સફળ કલાકાર તરીકે નામના મેળવનાર સ્વ. કેયૂર નિખાલસ, હસમુખ, પ્રતિભાસંપન્ન અને ઉમદા વિચારવાળા હોવાના કારણે સગાં-સંબંધી અને મિત્રવર્તુળમાં લોકપ્રિય હતા.
ઈશ્વર, સ્વ. પ્રા. ડો. કેયૂરના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

**શોક સંતપ્ત**

પ્રિ. ડો. બંસીધર ઉપાધ્યાય
પ્રા. ડો. અલ્પેશ બંસીધર ઉપાધ્યાય
ચિ. વંશ કેયૂર ઉપાધ્યાય (પૌત્ર)
ચિ. આર્શ અલ્પેશ ઉપાધ્યાય(પૌત્ર)

# શ્રદ્ધાંજલિ

## અનિલાબેન જે. શુક્લ



'મા' (શોભા) તારા જવાથી અમારૂં જીવન શૂન્ય થયું હોય તેવું લાગે છે. પળ પળ તારી યાદ આંખો ભીંજવે છે. આજે પણ... તું અમારી સાથે નથી... તેવું માનવા... હૃદય અમારૂં તૈયાર નથી. 'મા' તારાં આશીર્વાદ સદા અમોને આપજે. અમારાં પ્રણામ...!

| | | |
|---|---|---|
| મહેશકુમાર એન. દવે | ધ્રુવ જે. શુક્લ | કૃણાલ ડી. શુક્લ |
| ભાવના એમ. દવે | લીના ધ્રુવ શુક્લ | ઉદિતા કૃણાલ શુક્લ |

## શ્રદ્ધાંજલિ — મે - જૂન - જુલાઈ

| ક્રમ | નામ | દેહાંત તારીખ | ક્રમ | નામ | દેહાંત તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | સ્વ. મહાલક્ષ્મીબેન જયંતિલાલ જોષી | ૩૦-૦૫-૧૯૯૫ | ૧૧. | સ્વ. નવીનચંદ્ર મણીલાલ ભટ્ટ | ૧૪-૦૫-૨૦૦૫ |
| ૨. | સ્વ. ચંદ્રકાન્ત વિશ્વનાથ પંડ્યા | ૦૬-૦૫-૧૯૮૧ | ૧૨. | સ્વ. પરસનબહેન દવે | ૦૬-૦૬-૨૦૦૨ |
| ૩. | સ્વ. સુરેશચંદ્ર છોટાલાલ પાઠક | ૩૦-૦૫-૨૦૦૦ | ૧૩. | સ્વ. લીલાવતીબેન આર. પાઠક | ૦૩-૦૬-૧૯૯૮ |
| ૪. | સ્વ. હિમાંશુ ભીખુભાઈ શુક્લ | ૧૧-૦૫-૧૯૮૨ | ૧૪. | સ્વ. ઈન્દ્રવદન કાશીનાથ દવે | ૨૧-૦૬-૧૯૭૬ |
| ૫. | સ્વ. રણજીતરાય ગંગાશંકર શાસ્ત્રી | ૦૨-૦૫-૧૯૮૫ | ૧૫. | અ.સૌ. દક્ષાબેન પ્રકાશકુમાર શુક્લ | ૦૨-૦૩-૨૦૦૭ |
| ૬. | સ્વ. ગજેન્દ્રપ્રસાદ વિશ્વનાથ જોષી | ૦૯-૦૫-૨૦૦૧ | ૧૬. | હરિપ્રસાદ એ પુરોહિત | ૨૧-૦૭-૨૦૦૭ |
| ૭. | સ્વ. મણીશંકર જગન્નાથ દવે | મે-૧૯૯૧ | ૧૭. | સ્વ. રાજેન્દ્રભાઈ નટવરલાલ દવે | ૧૮-૦૭-૨૦૧૬ |
| ૮. | સ્વ. દેવેન્દ્રપ્રસાદ કાંતિલાલ દવે | ૧૨-૦૫-૨૦૦૧ | ૧૮. | સ્વ. જયકાન્તભાઈ લક્ષ્મીશંકર પાઠક | ૦૫-૦૫-૨૦૧૬ |
| ૯. | સ્વ. દીપકકુમાર નરેન્દ્રભાઈ પાઠક | ૦૬-૦૫-૨૦૦૪ | ૧૯. | સ્વ. જયમતીબેન સનતકુમાર પાઠક | ૩૦-૦૫-૨૦૧૭ |
| ૧૦. | સ્વ. ચંદ્રાનના મણીશંકર પાઠક | ૨૦-૦૫-૨૦૦૫ | ૨૦. | સ્વ. દક્ષાબેન પ્રકાશકુમાર શુક્લ | ૦૨-૦૭-૨૦૦૭ |

**અવસાન નોંધ:**

- *પ્રફુલાબેન નરેન્દ્રપ્રસાદ દવે, વડોદરા, ૧૪-૦૫-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*
- *ઈન્દુભાઈ જયશંકર પાઠક, ગોધરા, ૧૫-૦૫-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*
- *રમણલાલ ગણપતરામ પંડ્યા, શહેરા, ૩૧-૦૫-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*
- *સુધાબેન કીરીટકુમાર પાઠક, અમદાવાદ, ૨૧-૦૭-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*
- *મંજુલાબેન રમાકાંત વ્યાસ, વડોદરા, ૧૭-૦૭-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*
- *હરિભાઈ દવે, મુંબઈ, ૧૯-૦૬-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*
- *કનૈયાલાલ બદ્રીનાથ પુરોહિત, ભરૂચ, ૧૧-૦૬-૨૦૧૯ ના રોજ દેવલોક પામેલ છે.*

**જ્ઞાતિ ગૌરવ :**

- ડૉ. અનંતભાઈ શુક્લના પૌત્ર અનુજ બિરેન શુક્લ M.S.(Computer Science) ન્યૂજર્સી થી થયેલ છે.
- વિનાયકભાઈ શુક્લ, સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંચમહાલ જિલ્લાના મહામંત્રી તરીકે નિમણૂંક
- દિપ્તીબેન નરેન્દ્ર દવે ગર્લ્સ હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે નિયુક્ત થયેલ છે.

**અભિનંદન કાર્યક્રમ (ચંદ્રક-પારિતોષિક સમારોહ)**

શ્રી સમાજના જે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીએ વર્ષ ૨૦૧૭-૨૦૧૮ અને ૨૦૧૮-૨૦૧૯ના શૈક્ષણિક વર્ષમાં પ્રથમ પ્રયત્ને ધો. ૧૦, ધો. ૧૨ સ્નાતક, તેમજ અન્ય વિશેષ શૈક્ષણિક યોગ્યતા પ્રાપ્ત કરી ઉજ્જવળ સફળતા મેળવી હોય તેઓએ સમાજ તરફથી અભિવાદન સમારંભમાં પારિતોષિક મેળવવા માટે પોતાની માર્કશીટની નકલ સાથે ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ સુધીમાં નીચે દર્શાવેલ સમાજના કાર્યાલયના સરનામે કુરિયર દ્વારા મોકલી આપવા વિનંતી.

ફોર્મ કે તેની ઝેરોક્ષ કોપીમાં સ્વ-હસ્તાક્ષરે ભરી તેમનાં સરનામે કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલવા વિનંતી.

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.**

સી-૨૧૨, દેવઓરમ, મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,

આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનનગર રોડ, અમદાવાદ : ૩૮૦૦૧૫.


## SJ માં જાહેરાતના દર નીચે મુજબ છ

| ફોર કલર | | સીંગલ કલર | |
|---|---|---|---|
| ફોર કલર ટાઈટલ પેજ | રૂ. ૩૦૦૦-૦૦ | ફૂલ પેજ | રૂ. ૧૫૦૦-૦૦ |
| લાસ્ટ પેજ ૨-૩ | રૂ. ૩૦૦૦-૦૦ | હાફ પેજ | રૂ. ૮૦૦-૦૦ |
| ફોર કલર ફૂલ પેજ | રૂ. ૨૫૦૦-૦૦ | ક્વાર્ટર પેજ | રૂ. ૪૦૦-૦૦ |
| ફોર કલર હાફ પેજ | રૂ. ૧૩૦૦-૦૦ | એક લાઈન શુભેચ્છા | રૂ. ૧૫૦-૦૦ |


## ખાસ નોંધ : બેંકની વિગતમાં થયેલ ફેરફાર નોંધી લેશો.

એકાઉન્ટ નામ : **સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.**

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર **(08053)**

**IFS Code : SBIN0008053**

**અગત્યની સૂચના : આપણા મુખપત્ર 'શ્રીગૌડ જાગૃતિ' અથવા સોશિયલ મીડિયાના કોઈપણ માધ્યમ દ્વારા રજૂ થતા લેખ, કવિતા જેવાં મૌલિક લખાણો કે વ્યક્તિગત અભિપ્રાયો તેમજ સૂચનો અને જાહેરાતો માટે તંત્રીમંડળ કે કારોબારીના હોદ્દેદારો જવાબદાર રહેશે નહીં.**

**સમાજના કોઈપણ કામ માટે કાર્યાલયનો આ નંબર પર સંપર્ક કરવો :**
**પ્રદીપભાઈ પંડ્યા : 70466 79199**



તે ગુણ તે તેજશે નહીં, જે ગુણ જેને સંગ, પાછળ હઠે ન પ્રીતમાં પ્રજળે તોય પતંગ. - બલરાજ શુક્લ

આથી આપ સૌને સરળતા રહે તે માટે અમે નીચે મુજબ પ્રસંગ, શુભેચ્છા વગેરેના નમૂના આપ્યા છે
જે પ્રમાણે આપે વિગતો આપવાની રહેશે. આ દરેક ફોર્મ દીઠ રૂ. ૫૦૦- ચૂકવવાના રહેશે.
હંમેશાની જેમ સૌના સહકાર માટે નમ્ર અપીલ.

**ફોર્મ મોકલવાનું સરનામું : સમસ્ત શ્રીગૌડ સમાજ કાર્યાલય**
**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ : ૩૮૦૦૧૫.**

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### લગ્ન વિષયક માટેનું ફોર્મ

નામ : ____________________

પિતાનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

જન્મ તારીખ : __________ જન્મ સમય : __________

ગોત્ર : ____________________

ઊંચાઈ : __________ વજન : __________

મોબાઈલ : ____________________

ઈ-મેઈલ : ____________________

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### શ્રદ્ધાંજલિ માટેનું ફોર્મ

નામ : ____________________

રહેવાસી : ____________________

જન્મ તારીખ : ____________________

સ્વર્ગવાસ તારીખ : ____________________

સ્મરણાંજલિ : ____________________

કુટુંબીજનોનાં નામ : ____________________

____________________

મોબાઈલ નંબર : ____________________

સરનામું : ____________________

____________________

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### વિશેષ દિન, શુભેચ્છા માટેનું ફોર્મ

નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

મોબાઈલ : ____________________

શુભેચ્છા સંદેશ : ____________________

____________________

____________________

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### ધંધાકીય જાહેરાત માટેનું ફોર્મ

નામ : ____________________

સરનામું : ____________________

ધંધાનું સરનામું : ____________________

____________________

____________________

મોબાઈલ : ____________________

ઈ-મેઈલ : ____________________

જાહેરાતની સાઈઝ મુજબ તમારા ધંધાની વિગતો કોરલ ડ્રો (CDR) ઓપન ફાઈલ
**shreegaudjagruti2019@gmail.com** પર ઈ-મેઈલ દ્વારા મોકલી શકો છો.

આથી આપ સૌને સરળતા રહે તે માટે અમે નીચે મુજબ પ્રસંગ, શુભેચ્છા વગેરેના નમૂના આપ્યા છે
જે પ્રમાણે આપે વિગતો આપવાની રહેશે. આ દરેક નમૂના દીઠ રૂ. ૫૦૦- ચૂકવવાના રહેશે.
હંમેશાની જેમ સૌના સહકાર માટે નમ્ર અપીલ.
**ફોર્મ મોકલવાનું સરનામું : સમસ્ત શ્રીગૌડ સમાજ કાર્યાલય**
**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, સેટેલાઈટ, અમદાવાદ : ૩૮૦૦૧૫.**

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### આંતરરાષ્ટ્રીય સિદ્ધિ માટેનું ફોર્મ

**નામ :** ____________________

**સરનામું :** ____________________

____________________

**મોબાઈલ નંબર :** ____________________

**ઈ-મેઈલ :** ____________________

**કાર્યક્ષેત્ર :** ____________________

**વિશેષ સિદ્ધિ :** ____________________

____________________

____________________

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### વિશેષ સામાજિક યોગદાન માટેનું ફોર્મ

**નામ :** ____________________

**સરનામું :** ____________________

____________________

**મોબાઈલ નંબર :** ____________________

**ઈ-મેઈલ :** ____________________

**કાર્યક્ષેત્ર :** ____________________

**શુભેચ્છા સંદેશ :** ____________________

____________________

____________________

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### વિશેષ સિદ્ધિ/રમતગમત/ક્વિઝ વગેરે માં મેળવેલ સિદ્ધિ

**નામ :** ____________________

**સરનામું :** ____________________

____________________

**મોબાઈલ નંબર :** ____________________

**ઈ-મેઈલ :** ____________________

**કાર્યક્ષેત્ર :** ____________________

**વિશેષ સિદ્ધિ :** ____________________

____________________

____________________

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

### કારકિર્દીમાં બઢતી

**નામ :** ____________________

**સરનામું :** ____________________

____________________

**મોબાઈલ નંબર :** ____________________

**ઈ-મેઈલ :** ____________________

**પદોન્નતિ :** ____________________

**વિશેષ સિદ્ધિ :** ____________________

____________________

____________________

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ સંચાલિત

# વિધાતા મેરેજ બ્યુરો

V.M.B

Estd. 1995

ટ્રસ્ટ રજી.નં. ઈ-૭૨૮૩ | AMC રજી.નં. PIEL ૪૧૬૨૩

**હસમુખ જોષી** | M.A.,LL.B.
મેનેજિંગ ડાયરેક્ટર

**દિના જોષી** | M.A.,LL.B.
મેનેજર

**ફોન : ૦૭૯-૨૬૬૦૪૧૩૪ | મો : ૯૮૭૮૭૮૪૧૩૪-૯૮૭૯૬૦૪૧૩૪**

**૧૯૯૫ થી કાર્યરત, અભણ-ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક, મેડિકલ-એન્જિનિયરિંગ ઉચ્ચશિક્ષિત, ભારતના કે વિદેશના (NRI) માટેના જીવનસાથી પાત્રો 100% ગેરંટીથી મેળવી આપનાર કમ્પ્યૂટરાઇઝડ લગ્ન સંસ્થા**

૧૦, સેલર, વિજય કોમ્પલેક્ષ, વાસણા બસ સ્ટેન્ડ પાસે,
વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

www.vidhatamarriage.com contact@vidhatamarriage.com

## શ્રદ્ધાંજલિ



## સ્વ. દમયંતિબેન ગજેન્દ્રપ્રસાદ જોષી

જન્મ તારીખ : ૦૭-૦૧-૧૯૩૭ • અવસાન તારીખ : ૨૯-૦૪-૨૦૧૯
(દેવગઢ બારિયા-મઘવાસ)

કિરીટ ગજેન્દ્રપ્રસાદ જોષી (ભરૂચ)
જયંત ગજેન્દ્રપ્રસાદ જોષી (ગાંધીનગર)
કેતન ગજેન્દ્રપ્રસાદ જોષી (ભરૂચ)

ગીતાબેન કિરીટભાઈ જોષી
પરાગિનીબેન જયંતકુમાર જોષી
જયશ્રીબેન કેતનભાઈ જોષી



ISHA MULTISPECIALITY HOSPITAL
Pavilion for your Health Care

Isha Hospital
Multispeciality where Hope lives..



**Dr. Ajay Valia,**
M.D. DGO
Obs & Gyn



**Dr. Divyesh Shukla**
M.D Obs & Gyn
Lap & Hyst Surgeon



**Dr. Shilpi Shukla,**
M.D.
Obs & Gyn



**Dr. Parul Valia,**
M.D., D.Ch, PGD-DN
Paediatrician



**Dr. Mayur Bhagat,**
M D (FICMCH)
Obs & Gyn



**Dr. Sharda Bhagat,**
MBBS
Obs & Gyn

*A vision to strive with excellence to create medical and preventive integrated healthcare delivery system.*

## Scope of Services :

- Obstetrics & Gynaecology
- Minimal Access Surgery
- Laparoscopy & Hysteroscopic Surgery
- Fetal Medicine & Ultrasonography
- Isha - IVF (Test Tube Baby)
- Paediatrics & Neonatology (NICU / PICU)
- Isha Developmental Centre
- Dentistry
- Oncology (HOC)
- Gastroenterology (IGI)
- Cleft & Craniofacial Surgery
- Nutrition & Dietetics
- Radiology
- Physiotherapy
- Pathology
- Dialysis Unit

Isha Hospital, Behind Atlantis, Opp. Vadodara Central, Sarabhai Campus,Sarabhai Main Road,
Subhanpura, Vadodara 390 007 | www.ishahospital.com | 0265-2314011 | 0265-2314022



પ્રકાશક અને મુદ્રક

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત વતી,**

**કમલેશ શિવશંકર પાઠક**

**સી-૨૧૨, દેવઓરમ,**
**મારૂતિનંદન કાઠિયાવાડી હોટલની પાછળ,**
**આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.**
Mobile : +91-94265 11472, 98244 06381
**આજીવન સભ્ય ફી : રૂ. ૨૦૧/- પતિ-પત્ની સાથે રૂ. ૩૦૧/-**
**પરદેશમાં રૂ. ૨૫૦૦/-**


બુક-પોસ્ટ

પ્રતિ